બારડોલીમાં 'ડિજિટલ કાંટા'માં રિમોટથી ચીટિંગ કરતો ભંગારિયો

ગ્રાહકોને છેતરવા માટે હાઈટેક નુસખા

બારડોલીઃ બારડોલી શહેરમાંથી ટેક્નોલોજીના દુરુપયોગનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભંગાર અને પસ્તી ખરીદતા ફેરિયાઓ હવે ગ્રાહકોને છેતરવા માટે હાઈટેક નુસખાઓ અપનાવી રહ્યા હોવાની વિગતો બહાર આવી છે. ડિજિટલ કાંટાને રિમોટ કંટ્રોલ વડે ઓપરેટ કરી વજનમાં ગરબડ કરતાં એક શખ્સને સ્થાનિક રહીશોએ રંગેહાથ પકડી પાડ્યો હતો.

સામાન્ય રીતે ગૃહિણીઓ ઘરખર્ચમાં મદદરૂપ થવા માટે નકામી પસ્તી, તેલના ડબ્બા અને અન્ય ભંગાર ભેગો કરીને વેચતી હોય છે. ગ્રાહકો છેતરાય નહીં એ હેતુથી હવે બધે જ ડિજિટલ કાંટાનો ઉપયોગ વધ્યો છે, પરંતુ આ કિસ્સામાં ડિજિટલ ટેક્નોલોજીનો જ ભોગ બનવું પડ્યું છે. પકડાયેલા ભંગારિયા પાસે એવું રિમોટ મળી આવ્યું હતું, જેના દ્વારા તે કાંટા પર મુકેલી વસ્તુનું વજન ઓછું બતાવી શકતો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જાગૃત નાગરિકોએ આ શખ્સને પકડીને તાત્કાલિક બારડોલી ટાઉન પોલીસને હવાલે કર્યો છે. આ બનાવે સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે કે હજુ આવા કેટલા ફેરિયાઓ ડિજિટલ કાંટામાં રિમોટ લગાવીને નિર્દોષ લોકોની કમાણી પર તરાપ મારી રહ્યા હશે? પોલીસ દ્વારા આ મામલે કડક તપાસ હાથ ધરવામાં આવે તેવી લોક માંગ ઊઠી છે.

સાયખાની લુના કેમિકલમાં ઓટોમેટિક સિસ્ટમ 'ફેઈલ': કાળો ધુમાડો છવાયો

15 મિનિટ સુધી આકાશમાં છવાયેલા કાળા ધુમાડાથી કંપનીમાં નાસભાગ, શ્રમિકોના જીવ તાળવે

ભરૂચઃ વાગરાના ઔદ્યોગિક હબ ગણાતા સાયખા GIDC વિસ્તારમાં આવેલી લુના કેમિકલ કંપનીમાં સર્જાયેલી ધુમાડાની ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક સુરક્ષા વ્યવસ્થાની વાસ્તવિકતા છતી કરી છે. કંપનીના પ્લાન્ટમાં અચાનક કાળાડિબાંગ ધુમાડાના ગોટેગોટા ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો, જેના કારણે અંદર કામ કરી રહેલા શ્રમિકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. શ્રમિકો પોતાનો જીવ બચાવવા માટે કંપનીની બહાર દોડી આવ્યા હતા.

પ્રાથમિક વિગતો મુજબ પ્લાન્ટના થરમેક્સ બોઈલરમાં ટેક્નિકલ ખામી સર્જાતાં આ પરિસ્થિતિ ઊભી થઈ હતી અને જોતજોતામાં માત્ર 15 મિનિટમાં જ આખું આકાશ કાળા ધુમાડાથી ઘેરાઈ ગયું હતું. આ ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ખાનગી કંપનીઓના ફાયર ટેન્ડરોને બોલાવવામાં આવ્યા હતા, જેમણે ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. કંપનીના કર્મચારીઓ દ્વારા મળતી માહિતી મુજબ હિટિંગ ઓઈલ પાઈપ પર લગાવવામાં આવેલા ઈન્સ્યુલેશનમાંથી અચાનક ધુમાડો નીકળવાની શરૂઆત થઈ હતી. આ ઘટના પાઈપના અતિશય તાપમાન અથવા તેલના લીકેજનું પરિણામ હોવાનું અનુમાન છે. હિટિંગ ઓઈલ જેવી અત્યંત પ્રજ્વલનશીલ પ્રણાલીઓમાં નાની ખામી પણ ગંભીર આગ કે વિસ્ફોટનું કારણ બની શકે છે. તેમ છતાં કંપનીમાં થર્મલ સ્કેનિંગ અને નિયમિત ઈન્સ્પેક્શન જેવી પ્રક્રિયાઓમાં ક્ચાશ જોવા મળી છે. આશ્ચર્યની વાત એ છે કે દુર્ઘટના સમયે સેફ્ટી એલાર્મ કે ઓટોમેટિક સેન્સર સિસ્ટમ સક્રિય થઈ ન હતી. આ ઘટનાએ સેફ્ટી ઓડિટ અને પ્રમાણપત્રોની વિશ્વસનીયતા પર પણ પ્રશ્નાર્થ ચિન્હ મૂક્યું છે.

સાયખા GIDCમાં વારંવાર બનતી આવી ઘટનાઓ હવે સ્થાનિકો અને શ્રમિકો માટે જોખમી બની રહી છે. સમગ્ર પંથકમાં આ ઘટનાને લઈને રોષ જોવા મળી રહ્યો છે. આસપાસ રહેતા ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ તેમજ GPCB માત્ર નોટિસ આપીને સંતોષ ન માને, પરંતુ જવાબદાર સંચાલકો સામે ફોજદારી ગુનો દાખલ કરી કડક દાખલારૂપ પગલાં ભરે.

સુરત-ભરૂચ જિલ્લામાં રામનવમી પર્વે શોભાયાત્રા

■ બારડોલી, કીમ, ભરૂચઃ સુરત અને ભરૂચ જિલ્લામાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા સહિત કાર્યક્રમો યોજાયા હતા. બારડોલીમાં રામનવમી નિમિત્તે વિહિપ અને બજરંગદળ દ્વારા શોભાયાત્રા, કીમમાં સનાતન ધર્મ યુવા સમિતિ-કીમ દ્વારા શોભાયાત્રા યોજાઈ હતી. તો ભરૂચ અને અંકલેશ્વરમાં સુંદરકાંડ સહિતના પાઠ યોજાયા હતા.

સંક્ષિપ્ત સમાચાર

નર્મદા પરિક્રમાઃ ઓનલાઇન રજિસ્ટ્રેશનથી મુશ્કેલી

રાજપીપળાઃ નર્મદા મૈયાની પરિક્રમા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાદવામાં આવેલા નવા નિયમો અને ઓનલાઇન રજિસ્ટ્રેશનની ફરજિયાત પ્રક્રિયા શ્રદ્ધાળુઓ માટે 'માથાનો દુખાવો' સાબિત થઈ રહી છે. ખાસ કરીને નર્મદા જિલ્લો ટ્રાઇબલ અને અંતરિયાળ વિસ્તાર હોવાથી સ્થાનિક ભક્તો આ જટિલ ઓનલાઇન પ્રક્રિયાથી અજ્ઞાત છે, જેના કારણે યાત્રા દરમિયાન અનેક પ્રશ્નો અને મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. આ સમસ્યાના સુખદ નિરાકરણ માટે ભાજપ જિલ્લા પ્રમુખ નીલ રાવ અને ધારાસભ્ય દર્શનાબેન દેશમુખને પણ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

અરેઠના વીરપોર ગામમાં મંદિર પાછળ ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

માંડવીઃ તડકેશ્વર આઉટ પોસ્ટના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.કે.ઠાકોર અને તેમનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે વીરપોર ગામના કોલોની ફળિયામાં આવેલા ભાથીજી મંદિરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં રેડ કરી હતી. જ્યાં હાર-જીતનો જુગાર રમી રહેલા છ શખ્સને પોલીસે કોર્ડન કરી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં કાળીદાસ નાનુ વસાવા (ઉ.વ.50), હરેશ મોહન વસાવા (ઉ.વ.40), સુરેશ છગન વસાવા (ઉ.વ.55), વિશાલ સન્મુખ પટેલ (ઉ.વ.35), રાજુ નટવર વસાવા (ઉ.વ.33) અને નરેશ રામુ વસાવા (ઉ.વ.34) (તમામ રહે.,વીરપોર)નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી જેલભેગા કર્યા છે.

સાયણ સુગરે ૧૩૩ દિવસમાં ૭.૮૯ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ કરી

ચાલુ વર્ષે શેરડીના ઓછા ઉતારા વચ્ચે સુગરના ૯ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ લક્ષ્યાંકમાં ઘટ

સાયણઃ શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની શેરડી કાપણી પૂર્ણ થતાં સુગર મિલે ૧૩૩ દિવસમાં ૭.૮૯ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કર્યું હતું.

સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી, કામરેજ, માંગરોળ, અરેઠ તાલુકા સહિત કાર્યક્ષેત્રના સુરત સિટી હદ વિસ્તારનાં ગામમાં શેરડી પકવતા ખેડૂતોની જીવાદોરી સમાન સાયણ સુગર ફેક્ટરીની સને-૨૦૨૫-૨૬ની શેરડી કાપણી પૂર્ણ થતા શેરડીનું પિલાણ ગત તા.૨૪મી માર્ચના રોજ બંધ કરી પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સુગરના ચેરમેન રાકેશભાઈ પટેલે કહ્યું હતું કે, અમે ગત તા.૧૨મી નવેમ્બર-૨૦૨૫ના રોજ સુગર મિલમાં શેરડી પિલાણનો પ્રારંભ કર્યો હતો. ચાલુ વર્ષમાં સતત વરસાદના કારણે શેરડીના ઓછા ઉતારાથી ઉત્પાદનમાં ઘટાડો થતાં સુગર મિલનું પિલાણ દર વર્ષની સરખામણીમાં ૧૫ દિવસ પહેલા બંધ થયું છે. તેમ છતાં આપણી ફેક્ટરીએ ૧૩૩ દિવસના ક્રસિંગ બાદ કુલ ૭,૮૯,૫૧૨ મે.ટન શેરડીનું પિલાણ કરી સારી રિકવરી સાથે ૮,૫૦,૧૫૦ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યું છે. જો કે, સુગર મિલ બંધ થયા બાદ હાલમાં ખાંડની પ્રોસેસ ચાલુ હોવાથી બે દિવસ બાદ ઉત્પાદનના ક્વિન્ટલમાં વધારો થશે.

આ પ્રસંગે તેમણે સંસ્થાની પ્રગતિમાં રાત- દિવસ મહેનત કરી શેરડીની કાપણી કરતા શ્રમિકો, સુગરને શેરડી આપનારા ખેડૂતો, ટ્રક એસોશિએશન, સુગર બોર્ડના તમામ ડિરેક્ટરો, ઝોન સમિતિની બોર્ડ, સુગરના મેનેજિંગ ડિરેક્ટર સહિત કર્મચારીઓની ટીમની એકરાગીતાના કારણે શેરડી પિલાણ સિઝન પૂર્ણ કરવામાં સફળતા મળવા બદલ સૌનો આભાર માન્યો હતો.

નાના બોરસરા નજીક લોખંડના સળિયા ચોરી કરતી ગેંગ ઝડપાઈ

બેની અટકાયત, ત્રણ ફરાર, ૩.54.44 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

હથોડા, પલસાણા : સુરત જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા નેશનલ હાઈવે પર ટ્રેલરોમાંથી લોખંડના સળિયા ચોરી કરવાનું મોટું નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યું છે. માંગરોળના નાના બોરસરા ગામની સીમમાં અપિવેક્સ ફાર્મા કંપની સામે ખુલ્લી જગ્યામાં ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિ પર પોલીસે દરોડો પાડી કુલ રૂ.54,44,341નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સુરત જિલ્લા એલસીબી પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પી.એસ.આઈ. જે.એલ.પટેલ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, રઈશ શેખ નામનો ઈસમ ટ્રેલર ચાલકો સાથે મળી સળિયા ચોરીનું કૌભાંડ ચલાવે છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી બે શખ્સને ઝડપી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર રઈશ શેખ સહિત અન્ય ત્રણ શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં ટ્રેલર નં.(GJ-39-TB-8956)ના ચાલક સોમેખાન પઠાણખાન મેરાસી અને ક્લીનર છુગ્ગેખાન મનોહરખાન મેરાસી (બંને રહે.,રાજસ્થાન)નો સમાવેશ થાય છે.

પોલીસે સ્થળ પરથી ચોરી કરેલા 32,090 કિગ્રા લોખંડના સળિયા કિં.રૂ.16.04 લાખ, ટ્રેલરમાં રહેલા 38,680 કિગ્રા સળિયા કિં.23.24 લાખ અને 15 લાખનું ટ્રેલર મળી કુલ 54.44 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે કોસંબા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડના અધિકારીઓ તેમજ કર્મચારીઓ જોડાયા હતા.

અટોદરામાં સરકારી જમીન પર દબાણના આક્ષેપ

વરસાદી પાણીના નિકાલની જગ્યામાં PCC કામ શરૂ થતાં સ્થાનિકોમાં ચિંતા

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના અટોદરા ગામમાં સરકારી જમીન પર ગેરકાયદે દબાણ અને બાંધકામ અંગે ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે ગિરીશભાઈ મગનભાઈ ચૌહાણ દ્વારા સુરત કલેક્ટર કચેરીને લેખિત રજૂઆત કરવામાં આવી છે અને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

અરજદારના જણાવ્યા અનુસાર, અટોદરા ગામના મુખ્ય માર્ગ અને બ્લોક નંબર ૪૧૬ વચ્ચે આવેલી સરકારી જમીન વરસાદી પાણીના નિકાલ માટે નિર્ધારિત છે. છતાં, આ જગ્યામાં નાના નાળાં મૂકીને ગેરકાયદે રીતે પુરાણ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. રજૂઆતમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બ્લોક નંબર ૪૧૬ના માલિક જયકુમાર રમેશભાઈ વઘાસિયા દ્વારા પોતાની હદમાં બાંધકામ પૂર્ણ કર્યા બાદ હવે સરકારી જમીન પર પીસીસી (PCC) રોડનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કામ માટે નગર નિયોજન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નથી, જે નિયમોનું સીધું ઉલ્લંઘન ગણાય છે. સ્થાનિક લોકોમાં આ બાબતે ચિંતા વ્યાપી છે કે જો વરસાદી પાણીના નિકાલની જગ્યામાં દબાણ ચાલુ રહેશે તો આવનારા સમયમાં ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે.

વિવાદિત જમીન અંગે અગાઉથી કેસ ચાલુ

અરજદારના દાવા મુજબ, સંબંધિત જમીન મામલે હાલમાં કેસ ચાલી રહ્યો છે. સાથે જ રમેશભાઈ વઘાસિયા અને તેમના પુત્ર જય વઘાસિયા અગાઉ પણ આવા વિવાદિત જમીન સંબંધિત કેસોમાં સંડોવાયેલા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. અરજદાર દ્વારા કલેક્ટરને વિનંતી કરવામાં આવી છે કે સ્થળ પર તપાસ કરાવી ગેરકાયદે કામગીરી તાત્કાલિક બંધ કરાવવામાં આવે અને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે.

ઉશ્કેર-રામકુંડમાં તસ્કરોને ફાવી ગયું, દુકાન તોડી ૪ હજારની ચોરી

વારંવાર ચોરીની ઘટનાઓ બનતાં લોકોમાં આક્રોશ

માંડવીઃ અરેઠના ઉશ્કેર-રામકુંડ ગામમાં ચોરીની વધુ એક ઘટના સામે આવતાં સ્થાનિક વેપારીઓમાં ભય અને રોષનો માહોલ વ્યાપી ગયો છે. વારંવાર બનતી ચોરીઓ છતાં પોલીસ તરફથી અસરકારક કાર્યવાહી ન થતાં વેપારીઓમાં અસંતોષ ફાટી નીકળ્યો છે.

મળતી માહિતી મુજબ તા.19 માર્ચની મધરાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરોએ ગામમાં આવેલી "બજરંગ ટી સ્ટોલ"નું શટર તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો. સવારે દુકાન માલિક ચંદ્રશેખર મથુરાપ્રસાદ શર્મા દુકાન ખોલવા પહોંચતા ચોરીનો બનાવ સામે આવ્યો હતો. દુકાનમાં રાખેલી આશરે 7,000ની રોકડ રકમ (સિક્કા) તેમજ 1,000ના સિગારેટનાં પેકેટ મળી કુલ 8,000ની માલમતા ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. ચોરોએ દુકાનમાં સામાન પણ વેરવિખેર કરી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે, આ જ દુકાનમાં અગાઉ તા.14 ડિસેમ્બર-2023ના રોજ પણ 2.22 લાખથી વધુની મોટી ચોરી થઈ હતી. તે સમયે પણ પોલીસમાં અરજી આપતાં છતાં ફરિયાદ નોંધી ન હતી. વધુમાં, નજીકમાં આવેલા અન્ય વેપારી ગોપાલ મારવાડીની દુકાનમાં ચાર માસ પહેલાં આશરે 2.5 લાખની ચોરી થતા સમગ્ર વિસ્તારમાં અસુરક્ષા ફેલાઈ છે. વારંવાર બનતી આ પ્રકારની ઘટનાઓને કારણે ઉશ્કેર ગામના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બની આરોપીઓને ઝડપી પકડી કડક કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી રહી છે. હવે જોવાનું રહ્યું કે પોલીસ આ બનાવમાં કેટલું ઝડપી અને અસરકારક પગલું ભરે છે.

પલસાણામાં હાઈ પ્રોફાઈલ રેડ પત્તાં ટીંચતા 5 જુગારી જેલભેગા

રૂ.૨૫.૮૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે

પલસાણાઃ તુંડીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે સફળ રેડ કરી રૂ.૨૫.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગત તા.૨૫ માર્ચ-૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પલસાણા પોલીસને બાતમી મળી હતી કે તુંડી ગામની વૃંદાવન પાર્ક સોસાયટીના મકાન નં.૭૩ની છત ઉપર કેટલાક ઈસમો જાહેર જગ્યામાં જુગાર રમી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી હાઉસ રેડ પાડી હતી. પોલીસે ઘટના સ્થળેથી તીનપત્તીનો જુગાર રમી રહેલા પાંચ શખ્સને રંગેહાથ ઝડપી લીધા હતા. પકડાયેલ આરોપીઓમાં પ્રકાશ આશ્રોબા ચૌહાણ અને રમેશ આશ્રોબા ચૌહાણ (બંને રહે., નવસારી), વિજય અર્જુન મોહીતે (રહે.,વણેસા, તા.પલસાણા), ક્રિષ્ણા બાલુભાઈ રાઠોડ (રહે.,તુંડી, તા.પલસાણા) અને પરમેશ્વર ગોપીનાથ મોહીતે (રહે.,કારેલી, તા.પલસાણા)નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ વ્યવસાયે મજૂરીકામ સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું છે.

પોલીસે આ રેડ દરમિયાન કુલ ૨૫,૮૯,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં જુગારના દાવ પરથી ૨૩,૦૦૦ રોકડા અને આરોપીઓની અંગજડતીમાંથી ૫૧,૦૦૦ રોકડા મળી આવ્યા હતા. આ ઉપરાંત, પોલીસે ૨૨ લાખની કિંમતની બે ફોર-વ્હીલર કાર, ૩,૧૫,૦૦૦ની કિંમતના ૯ મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. આ મામલે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભરૂચ જિલ્લામાં 8 PSIની બઢતી સાથે બદલી કરાઈ

જિલ્લામાં ફરજ બજાવતા 16 પીઆઈની અન્ય જિલ્લાઓમાં બદલી કરવામાં આવી

ભરૂચઃ ગુજરાત રાજ્ય પોલીસ દળમાં તાજેતરમાં મોટા પાયે બઢતી અને બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યભરમાં 254 પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે, જેના પરિણામે અનેક જિલ્લાઓમાં અધિકારીઓની હલચલ જોવા મળી રહી છે. જે અંતર્ગત ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતા 8 પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી મળતાં તેમની અન્ય જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે. બીજી તરફ, અન્ય જિલ્લાઓમાંથી 4 ને પીઆઈની બઢતી સાથે ભરૂચ જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. સાથે જ ગુજરાત રાજ્યના ડીજી અને આઈજી ઓફ પોલીસ ડો.કે.એલ.એન રાવ દ્વારા રાજ્યના કુલ 518 પીઆઈની આંતરજિલ્લા બદલીનો આદેશ પણ આપવામાં આવ્યો છે. આ આદેશોના પગલે ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતા 16 પીઆઈની અન્ય જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે, જ્યારે અન્ય જિલ્લાઓમાંથી 11 પીઆઈની ભરૂચ જિલ્લામાં નિમણૂક કરવામાં આવી છે. આ બદલાવને કારણે જિલ્લામાં પોલીસ વહીવટમાં નવા ચહેરા જોડાતા કાર્યક્ષમતા વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભરૂચ પાલિકા ટેક્સ નહીં ભરનાર સામે પગલાં લેશે

ભરૂચઃ ભરૂચ પાલિકાએ માર્ચ એન્ડિંગને ધ્યાનમાં રાખીને તમામ મિલકત ધારકોને બાકી મિલકત વેરો ભરી દેવા તાકીદ કરી છે. પાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે જણાવ્યું છે કે, વાર્ષિક 18.81 કરોડના મિલકત વેરાના લક્ષ્યાંક સામે હજુ 14.54 કરોડ રૂપિયાનો વેરો પ્રાપ્ત થયો છે. એટલે કે, હજુ 22 ટકા લોકોએ વેરો જમા કરાવ્યો નથી.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૧૪/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- ચાકુબ મુસેજી પટેલ, રહે.ક, તસ્લીમ પાર્ક, હુસેનિયા મસ્જીદ પાસે, જંબુસર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોસાલી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ચાકુબ મુસેજી પટેલ, રહે.ક, તસ્લીમ પાર્ક, હુસેનિયા મસ્જીદ પાસે, જંબુસર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧એ તેઓના પોતે ચાકુબ મુસેજી પટેલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ ચાકુબ મુસેજી પટેલ ૨. જન્મ તારીખઃ ૧૪/૦૩/૧૯૫૫ ૩. જન્મનું સ્થળઃ મોજે.મોસાલી, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ચાકુબ મુસેજી પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

પાવર ઓફ એટોર્ની રદ કર્યાની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે,અમો નીચે સહી કરનાર ઈબ્રાહિમ દાઉદ લિંબાડા તથા મહમદ દાઉદ લિંબાડા સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રિકટ માંગરોળ નાં **મોજે -ધામદોડ, ખાતા નં.-૮૭ બ્લોક નં.- ૫૩૩, સર્વેનંબર-૩૮૨/૧ હે.આરે.ચો.મી.-૦-૨૮-૫૪ તથા મોજે -ધામદોડ, ખાતા નં.- ૩૫૪ બ્લોક નં.-૯, સર્વેનંબર-૧૬ હે.આરે.ચો.મી.-૧-૩૭-૯૪ તથા મોજે -હથુરણ , બ્લોક નં.-૮૬૧, સર્વેનંબર-૬૦૯+૬૧૦ તથા મોજે -હથુરણ, બ્લોક નં.-૧૦૯૩, સર્વેનંબર-૧૧૦૧+૧૧૦૨ હે.આરે.ચો.મી.-૩-૦૨-૦૦** વાળી જુની શરતની ખેતીની જમીન અમારા ભાણેજ ઈબ્રાહિમ મહમદ જોગીયાત રહેવાસી મુ.પો દાહલ તા- અંકલેશ્વર જી-ભરૂચના લાભમાં ઉપરોકત જમીન અંગે માત્ર વહીવટ કાર્યો કરવા આપેલ હતું પરંતુ સદર જમીનના મૂળ માલિક મહમદ દાઉદ લિંબાડા યુ.કે. (વિદેશ) મુકામે મરણ થયેલ હોવાથી સદર પાવર ઓફ એટોર્ની આપોઆપ રદ થયેલ છે તેમ છતાં હમારા કુલમુત્યાર તરીકે ચાલુ રાખવા માગતા નથી સુરેશ પી પટેલ (એડવોકટ & નોટરી) રજી.નં ૭૦૫/૨૦૧૩ તા- ૨૫/૦૨/૨૦૧૩ના રોજનું કુલમુત્યારનામું આથી રદ કરીએ છીએ જેથી ઉપરોકત જમીન અંગે કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારના કૃત્યો કે કાર્યવાહી કરશે કરાવશે તો તે હમોને કબૂલ મંજૂર અને બંધનકર્તા રહશે નહી જેની તમામે નોધ લેવી.તેમજ મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વે નોંધ લેવી.

તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬, સ્થળ-તરસાડી.

હરેન્દ્રસિંહ. ટી. પરમાર - એડવોકેટ & નોટરી
ઓફીસ-૪/કૈલાશ કોમ્પ્લેક્ષ,હનુમાનજી મંદિરની બાજુમાં, તરસાડી, તા.-માંગરોલ, જી.-સુરત,(ગુજરાત)-૩૯૪૧૨૦. મોબાઈલ નં.-૯૯૭૮૨ ૬૧૯૯૯

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333